# દેશમાં ૨૪ કલાકમાં ૭૬૪૭૨ પોઝિટિવ કેસ

## ભારત વિશ્વમાં કોરોના સંક્રમિત દેશોની યાદીમાં ત્રીજા નંબરે, પોઝિટિવ રેટ છેલ્લા દોઢ મહિનાથી સતત ઘટતો હોવાનું અનુમાન

ન્યુ દિલ્હી,તા.૨૯

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૪ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના અત્યાર સુધીના સૌથી વધુ ૭૬૪૭૨ કેસ નોંધાતા કુલ આંકડો ૩૪૬૩૯૭૨ સુધી પહોંચી ગયો છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૫૦૫૦ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૬૪૮૯૯૮ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૨૧ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૨૫૫૦ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનિવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૭૫૨૪૨૪ એક્ટિવ કેસ છે.

કોરોનાના સતત વધી રહેલા સમાચાર વચ્ચે જો કે રાહતના ખબર પણ મળ્યાં છે. પ્રતિ ૧૦૦ ટેસ્ટ પર કન્ફર્મ કેસના આંકડા એટલે કે પોઝિટિવિટી રેટ છેલ્લા લગભગ દોઢ મહિનાથી સતત ઘટી રહ્યો છે. દર ૧૪ દિવસે માપવામાં આવતો આ દર ૧૫ જુલાઈ-૨૮ જુલાઈ વચ્ચે જ્યાં ૧૧.૨૩ ટકા હતો ત્યાં ૧૪-૨૭ ઓગસ્ટની વચ્ચે તે ૮.૮૪ ટકા થઈ ગયો.

જો કે મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળમાં સ્થિતિ ચિંતાજનક છે. આ રાજયો ઉપરાંત તામિલનાડુ અને દિલ્હીનો પોઝિટિવિટી રેટ સૌથી વધુ છે. જે વિસ્તારોમાં છેલ્લા ૧૪ દિવસમાં ૫ટકાથી ઓછો પોઝિટિવિટી રેટ રહ્યો છે તે રાહતના શ્વાસ લઈ શકે છે. પરંતુ ૫ ટકાથી વધુ પોઝિટિવિટી રેટવાળા વિસ્તારો રેડ ઝોનમાં આવે છે. પોઝિટિવિટી રેટ જેટલો વધુ હશે ત્યાં સંભાવના એ છે કે વધુ પ્રમાણમાં બીમારોનું ટેસ્ટિંગ થઈ રહ્યું છે અને મોટી સંક્રમિત વસ્તીનું ટેસ્ટિંગ થતું નથી.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૪૭૨૫૯૦૩ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૩૬૮૧૪ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૬૧૮૬૨૮૬ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૭૦૨૮૦૩ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૪૯૬૭૨૧૮ | ૮૪૨૪૯૫ | ૧૭૩૪૪૪૫૭ |
| ભારત | ૩૫૧૨૬૨૦ | ૬૩૨૬૭ | ૨૬૯૦૧૩૨ |
| ગુજરાત | ૯૩૮૮૩ | ૨૯૯૧ | ૭૫૭૬૨ |
| ગાંધીનગર | ૨૪૦૫ | ૧૩૫ | ૧૯૬૪ |

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૮૨ કેસ, ૧૩ના મૃત્યુ

## અત્યાર સુધીમાં કુલ ૭૫૬૬૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા જ્યારે ૨૯૯૧ લોકોનાં કોરોનાથી મૃત્યુ થયા

ગાંધીનગર,તા.૨૯

ભારતમાં કોરોનાની સ્પીડ રોકાવાનું નામ નથી લઈ રહી. ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૩૪,૬૩,૯૭૩ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૭,૫૨,૪૨૪ એક્ટિવ કેસ છે. જ્યારે ૨૬,૪૮,૯૯૯ લોકો સંક્રમણ મુક્ત થઈ ચૂક્યાં છે. ગુજરાતમાં પણ કોરોનાનો પ્રકોપ વધતાં છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૧૨૮૨ કેસ સામે આવતા હવે કોરોનાનો કુલ આંકડો પણ ૯૩૮૮૩એ પહોંચ્યો છે. જ્યારે ૧૫૨૩૦ એક્ટિવ કેસ થયા છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૭૪૨૩૪ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૨૧,૯૫,૯૮૫ થયો છે. રાજ્યમાં ૧૨૮૨ નવા દર્દીઓ સામે ૧૧૧૧ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૭૫૬૬૨ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૧૪૨.૦૬ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૯૯,૩૭૧ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૪,૯૮,૮૫૩ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૫૧૮ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૫૨૩૦ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮૯ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૫૧૪૧ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં કોવિડ-૧૯ની મહામારીના કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૩, જામનગર અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧. રાજકોટ અને સુરત કોર્પોરેશનમાં ૨-૨, અમરેલી અને ગીર સોમનાથમાં ૧-૧, મહેસાણા અને મોરબીમાં પણ ૧-૧ એમ કુલ ૧૩ મોત નોંધાતા હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૨૯૯૧ થયો છે.

### જન્મદિને વધામણી



**ઓમ લક્ષ્મણ પટેલ**
મો. ૯૯૯૮૨ ૬૬૩૪૪

## સે. ૨૮ દત્ત મંદિર ખાતે નિ:શુલ્ક યોગા ક્લાસ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

દત્ત મંદિર, સે. ૨૮ ખાતે તા. ૧ સપ્ટેમ્બરથી સાંજના ૫ થી ૬ દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે પ્રાયોગિક ધોરણે નિ:શુલ્ક યોગા વર્ગ યોજાશે. આ વર્ગ પ્રશિક્ષિત યોગા શિક્ષિકા જીગીષાબેન અંકુર પાઠક લેવાશે. રસ ધરાવતા ભાઈઓ અને બહેનોએ ૯૯૯૮૦૫૩૭૬૨ પર સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયુ છે.

### ઇન્ડસ્ટ્રીયલ પોલિસીની વિશેષતા પર પ્રકાશ પાડ્યો

# દેશના ઊદ્યોગકારોને રાજ્યમાં વ્યાપક રોકાણ માટે આહવાન

## આત્મનિર્ભરતા માટે અત્યંત સક્ષમ ઇકોસિસ્ટમ નિર્માણ કરનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે : વિજય રૂપાણી

ગાંધીનગર,તા.૨૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દેશ-દુનિયાના ઊદ્યોગકારો-રોકાણકારોને ગુજરાતમાં વ્યાપક રોકાણ માટે આહવાન કરતાં કહ્યું કે, આ સરકાર રોકાણકારોને માત્ર ઈન્વેસ્ટર્સ નહિ રાજ્યની સર્વગ્રાહી વિકાસયાત્રાના, સુખ-સુવિધા વૃદ્ધિના ભાગીદાર પાટર્નર તરીકે પ્રોત્સાહનો આપે છે. મુખ્યમંત્રીએ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી-૨૦૨૦ની વિશેષતાઓ અને આકર્ષક પહેલુઓના ચર્ચા-મંથન વેબિનારમાં સંબોધન કરતા આ આહવાન કર્યુ હતું. આ વેબિનાર દરમ્યાન રાજયમાં રૂ. ૧૦,૫૦૦ કરોડના રોકાણો વિવિધ પ્રોજેકટસમાં કરવાની ઊદ્યોગ સાહસિકોએ કોવિડના આ સમયમાં પણ તાત્કાલિક રોકાણોની મોટી જાહેરાતો કરી હતી. આ રોકાણોમાં વેદાન્તા રૂ. ૪૫૦૦ કરોડ, કિરી ઈન્ડસ્ટ્રીઝ રૂ. ૩૦૦૦ કરોડ, વેલસ્પન ગૃપ રૂ. બે હજાર કરોડ અને યુએનઓ મીન્ડા ગૃપે રૂ. ૧૦૦૦ કરોડના રોકાણો આગામી દિવસોમાં ગુજરાતમાં કરીને રાજ્યની સતત-અવિરત વિકાસયાત્રામાં સહભાગીતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. ગુજરાતની આ ઈન્ડસ્ટ્રીયલ પોલિસીને સમગ્ર ઊદ્યોગ જગતે એકી અવાજે પ્રોત્સાહજનક પ્રતિસાદ આપી આવકારી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઊદ્યોગ વેપાર જગતના અગ્રણીઓને સ્પષ્ટપણે જણાવ્યું કે, વિશ્વ આખું કોરોના-કોવિડ-૧૯ મહામારીના કપરા કાળમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે એકમાત્ર ગુજરાતે 'હારશે કોરોના-જિતશેઙ્ગ ગુજરાતના મંત્ર સાથે ઊદ્યોગો-વેપાર ધંધા, રોજગારને આ મહામારીની અસરથી ફરી ચેતનવંતા કરવા, નુકશાનીમાંથી બેઠા કરવા સંપૂર્ણ સહયોગ મદદની નેમ સાથે આ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી-૨૦૨૦ લોંચ કરેલી છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવામાં ગુજરાત આ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી-૨૦૨૦થી લીડ લેશે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, આત્મનિર્ભરતા માટે સક્ષમ ઈકોસિસ્ટમ નિર્માણ કરનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ ઈકોસિસ્ટમના પરિણામે જ ગુજરાત આજે ઓટો અને ઓટો કોમ્પોનન્ટ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ડ્રગ્સ અને ફાર્માસ્યુટિકલ્સ, સિમેન્ટ, ટેક્ષટાઈલ, જેમ્સ જવેલરી જેવા બહુવિધ ઊદ્યોગ માટે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે ઉભરી આવ્યું છે.




કેરજેમિની ટેકનોલોજી સર્વિસ ઈન્ડિયા લિમિટેડ તરફથી ગાંધીનગર જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગને ૮૦૦ જેટલા ફેસ શિલ્ડ ભેટમાં મળ્યા છે. જિલ્લામાં કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી કંપનીએ આ દાન આપ્યુ છે. આ દાનનો જિલ્લાના ફાર્માસીસ્ટ જાદવે સ્વીકાર કર્યો હતો. કંપનીના અભિગમને પણ તંત્રએ બિરદાવ્યો હતો.

## અરવલ્લી ડીડીઓને આવેદનપત્ર આપી ભરતી પ્રક્રિયાની ત્રુટીઓ અંગે રજુઆત કરી ભરતી પ્રક્રિયા અટકાવવા માંગ

સમગ્ર રાજ્યમાં આંગણવાડી ભરતી પ્રક્રિયા હાથધરવામાં આવી છે જેમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર ની જગ્યા માટે ૩૩ વર્ષથી નીચે વયમર્યાદા નક્કી કરવામાં આવી છે આ બંને જાહેરાતમાં અનામતના અરજદારો માટે પણ આંગવાડીમાં કાર્યકર અને તેડાગર તરીકે વર્ષોથી ફરજ બજાવતી મહિલા અરજદારોએ ડીડીઓ ડૉ.અનિલ ધામેલીયાને આવેદન પત્ર આપી જણવ્યું હતું કે આંગણવાડી જાહેરાતમાં ઉંમર,અનુભવ અને બીજી ઘણી બિનજરૂરી લાયકાતોના



વયમર્યાદા છૂટ હટાવી દેવામાં આવતા અરવલ્લી જીલ્લામાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની જગ્યાઓ માટે તમામ વર્ગના અરજદારોએ કાયદાકીય જોગવાઈ અનુસાર ભરતી કરવામાં આવેની માંગ સાથે જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી અને ભરતી પ્રક્રિયામાં રહેલી ત્રુટીઓ દૂર કરવામાં આવેની માંગ સાથે જીલ્લા પંચાયત પરિસરમાં સૂત્રોચ્ચાર કરી ન્યાયની માંગ કરી હતી ભરતી પ્રક્રિયાની ઓનલાઈન અરજી કરવામાં ૨ હજાર જેટલો ખર્ચો થતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો

અરવલ્લી જીલ્લામાં આઈસીડીએસ હેઠળની કારણે આ ભરતી પ્રક્રિયામાં અમારે બાકાત રહેવાનો વારો આવ્યો છે વર્ષોથી આંગણવાડી કાર્યકર અને તેડાગરની નોકરીના માધ્યમથી પરિવારનું ભરણપોષણ કરીએ છીએ સરકાર અને જીલ્લા પંચાયતે જે પણ કામગીરી સોંપવામાં આવી છે તે પણ ખંત પૂર્વક જવાબદારી નિભાવી છે જેની નોંધપણ લેવામાં આવે છે અરજદારોએ ગંભીર અને આગ્રહભરી ભરી વિનંતી કરી જણાવ્યું હતું કે અનામત અને બીનઅનામત વર્ગની મહિલાઓને ભરતી પ્રક્રિયામાં રહેલી ગૂંચવણો-અન્યાય નો ભોગ ન બને અને ન્યાયની માંગ ઘટતું કરવા રજુઆત કરી ન્યાંય નહિ મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.



### ઇલોલ વણઝારા સમાજનું ગૌરવ

સુહાની ભોમારામ બંજારાએ Indian Institute of Teacher Educationમાં પ્રવેશ પરિક્ષા આપી ઉતિર્ણ થતા BA.B.Ed. માં પ્રવેશ મેળવેલ છે. આ અભ્યાસક્રમમાં સમગ્ર ભારતમાંથી ૧૦૦ વિધ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષાનાં મેરીટ આધારે પ્રવેશ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમ ધોરણ - ૧૨ પછી BA.B.Ed. (૪ વર્ષ) સુધીનો અભ્યાસક્રમ છે જેમાં બંન્ને ડીગ્રી ચાર વર્ષનાં અંતે સાથે મળે છે. આ સંસ્થામાંથી અભ્યાસકર્યા બાદ કોઈપણ બોર્ડમાં નેશનલ તથા ઈન્ટરનેશનલ બોર્ડમાં (CBSC, IB, GSEB, GHSED) અભ્યાસ કરાવવા માટેની શિક્ષક તરીકે માન્યતા મળે છે.

## ધનસુરા ખાતે મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની જાગૃતતા અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગુજરાત રાજ્ય ના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ ના હસ્તે ધનસુરા માર્કેટ ખાતે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના ની જાગૃતતા અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.ધનસુરા,બાયડ અને મોડાસા ના ખેડૂતો માટે આ કાર્યક્રમ યોજાયો હતો. સૌરભભાઈ પટેલ એ જણાવ્યું હતું કે ખેડૂતો ને ખેતી પાકો માં અનાવૃષ્ટિ કમોસમી વરસાદ જેવા આકસ્મિક સમયે સરકાર ખેડૂતો ના પડખે રહે છે અને સહાય ચૂકવે છે.આ ઉપરાંત પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના થી રક્ષણ પુરું પાડવામાં આવ્યું છે.આ ઉપરાંત ખેતી માં વૈવિધ્ય લાવવા સરકાર આધુનિક ટેકનોલોજી અને વૈજ્ઞાનિક પધ્ધતિઓ નો પણ ઉપયોગ કરી રહી છે. રાજ્ય ખેડૂતો માટે અનેક પગલાં ઉઠાવી રહી છે.કાર્યક્રમ માં આરોગ્ય વિભાગ ધ્વારા સેનેટાઈઝિંગ અને માસ્ક વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ,કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર જિલ્લા વિકાસ અધિકારી અનિલ ધામેલિયા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જિલ્લા પ્રમુખ હંસાબેન પરમાર,પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ પટેલ,પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલત્તાબેન પટેલ,ભાજપ પ્રમુખ રણવિરસિંહ ડાભી, ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કનુભાઈ પટેલ, માર્કેટના ચેરમેન જગદીશભાઈ પટેલ, ધનસુરા ભાજપ પ્રમુખ જગદીશભાઈ ગોર, ધનસુરા બાયડના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### શહેરમાં કોરોના....

● છેલ્લા પાનાનું ચાલુ

સે. ૨૮ માં રહેતા એક તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ તબીબે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તબીબના પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૮ માં રહેતા અને ઓફિસ આસિસ્ટન્ટ તરીકે નવા સચિવાલયમાં ફરજો બજાવતા એક ૨૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ યુવાનના પરિવારના બે સભ્યોને ક્વોરોન્ટાઈન કરેલ છે.

નહેરૂ યુવા કેન્દ્ર સે. ૨૯ માં રહેતા એક ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સેલ્સમેન સાથે સંકળાયેલ અને સે. ૧૩ માં રહેતા એક ૩૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ તેના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ માં રહેતા અને જી.ઈ.બી.માં નોકરી કરતા એક ૫૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના ૨ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૪માં રહી અભ્યાસ કરતા એક ૧૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વિદ્યાર્થીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને તંત્રએ તેના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

આંગણવાડી કાર્યકર તરીકે નોકરી કરતા અને સે. ૨૯ માં રહેતા એક ૫૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩૦ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલા તબીબ અને એક ગૃહીણીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે એસ.એમ.વી.એસ.માં તબીબ તરીકે નોકરી કરતી એક ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા તબીબે પણ હોમ આઈસેલોશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેણીનીના પરિવારના ૩ સભ્યોન ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩૦ માંથી એક ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેણીનીના પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામે આજે એક ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૦ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. બન્ને દર્દી જૈફવયના છે. ૮૯ વર્ષના વૃદ્ધ અને ૮૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા વધી રહી છે. આ સંખ્યા ૬૦ ના આંકને પાર કરી ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં હાલ ૧૪૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે તંત્રએ આજે વધુ ૩૪૮ લોકોને ક્વોરોન્ટાઈન કર્યા છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધીને ૧૯૫ જેટલી થવા જાય છે.

### ૧૯ કેસ....

● છેલ્લા પાનાનું ચાલુ

પોઝીટીવ આવ્યો છે. ખોરજ ગામેથી ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાંથી ૫૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી એક ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ઉમિયાનગર ખાતેથી એક ૭૫ વર્ષીય વૃદ્ધા અને ભીમપુરા ગામેથી એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને ગાંધીનગર સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

કલોલમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. જેમાં ૪ કેસ ગ્રામ્ય વિસ્તારના છે અને એક કલોલ શહેરનો છે.

કલોલ તાલુકાના ધાનજ ગામેથી એક ૨૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જાસપુર ગામેથી પણ ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સાંતેજ ગામેથી ૬૦ વર્ષીય પુરૂષનો, આરસોડિયામાંથી ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બનમાંથી એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં હાલ ૧૪૭ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતા તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં આજે ૧૬,૮૬૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.